**ORIGINAL RESEARCH PAPER** | **Library**

# સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમા આવેલ સરકારી (સાર્વજનિક) ગ્રંથાલયો દ્વારા પુરી પડાતી ગ્રંથાલય સેવાઓનો અભ્યાસ

**KEY WORDS:** ગ્રંથાલય સેવાઓ, ગ્રંથાલય, સેવાઓ


| | |
|---|---|
| કમલેશકુમાર ડી.ધોળકિયા | રીસર્ચ સ્કોલર, સી.યુ.શાહ યુનિવર્સિટી, વઢવાણસીટી, ગુજરાત |
| ડૉ. વસંતરાય એ. ચૌહાણ | આસિ. પ્રોફેસર, ડીપાર્ટમેન્ટ ઓફ લાઈબ્રેરી એન્ડ ઈન્ફોર્મેશન સાયન્સ, સી.યુ.શાહ યુનિવર્સિટી, વઢવાણસીટી, ગુજરાત |
| ડૉ. યોગેશ આર. પારેખ | ગ્રંથપાલ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ, ગુજરાત |


**ABSTRACT**

પ્રસ્તુત સંશોધન અભ્યાસ લેખમાં સૌરાષ્ટ્ર વિસ્તારમાં આવેલા સરકારી (સાર્વજનિક) ગ્રંથાલયો દ્વારા પુરી પડાતી ગ્રંથાલય સેવાઓ અંગે અભ્યાસ કરવામાં આવ્યો છે. આ અભ્યાસમાં સૌરાષ્ટ્ર વિસ્તારમા કાર્યરત ગ્રંથાલયો, ગ્રંથાલયોમાં ઉપલબ્ધ માહિતી સ્ત્રોતો, ઉપયોગકર્તાને પુરી પાડવામાં આવતી સેવાઓ અંગે અભ્યાસ કરવામાં આવ્યો છે.

**પ્રસ્તાવના:**

સાર્વજનિક ગ્રંથાલય એ જ્ઞાનનું સંગ્રહ સ્થાન છે, જ્યાં વિવિધ પ્રકારનુ સાહિત્ય વાંચકોને ઉપલબ્ધ બને છે. ગ્રંથાલયનો ઉદ્દેશ ફક્ત તેના નોંધાયેલા સભ્યોને જ સેવા પુરી પાડવાનો નથી, પરંતુ સમાજના દરેક લોકો ગ્રંથાલયથી પરિચિત થાય અને સમાજના દરેક લોકોના જ્ઞાનમાં વધારો થાય તેવો પણ છે. ગ્રંથાલય દ્વારા તેની સેવાનો મહત્તમ લાભ બધાજ સમુદાયના લોકોને મળે તેના માટે વિશેષ પ્રયત્નો કરવા જોઈએ. ગ્રંથાલય સેવા એ ગ્રંથાલયના પ્રાણવાયુ સમાન છે. કોઈપણ ગ્રંથાલયની ઓળખ ગ્રંથાલય દ્વારા આપવામાં આવતી સેવાઓ પરથી થાય છે.

**સંશોધનના હેતુઓ :**

૧. સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં આવેલ સરકારી (સાર્વજનિક) ગ્રંથાલયોની માહિતી મેળવવી.
૨. સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારના સરકારી (સાર્વજનિક) ગ્રંથાલયો દ્વારા ઉપયોગકર્તાને પુરી પાડવામાં આવતી સેવાઓ અંગે માહિતી મેળવવી.

**સંશોધનનું કાર્યક્ષેત્ર અને મર્યાદાઓ:**

સંશોધક દ્વારા પ્રસ્તુત સંશોધનમાં ગુજરાત રાજયના સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં આવેલા કુલ ૧૨ જિલ્લાઓ અને તેના તાલુકાઓમાં હાલ કુલ ૨૭ સાર્વજનિક ગ્રંથાલયો કાર્યરત છે જેને આ સંશોધનમાં આવરી લેવામાં આવ્યા છે. સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારના સરકારી ગ્રંથાલયોમાં તાજેતરમાં ઉપલબ્ધ માહિતી સ્ત્રોતોને આધારે જે સેવાઓ આપવામાં આવે છે તે પુરતો જ તુલનાત્મક અભ્યાસ આ સંશોધનમાં કરવામાં આવેલ છે.

**મર્યાદા :**

સંશોધનના કાર્યક્ષેત્ર ને ધ્યાનમાં રાખીને સંશોધનની કેટલીક મર્યાદાઓ નક્કી કરેલ છે જે નીચે મુજબ છે.

| | |
|---|---|
| ૧. | પ્રસ્તુત સંશોધનમાં માત્ર ગુજરાત રાજયના સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારને જ ધ્યાનમાં રાખવામાં આવેલ છે. |
| ૨. | આ સંશોધન માત્ર સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારના સરકારી (સાર્વજનિક) ગ્રંથાલયો પુરતું જ મર્યાદિત રહેશે. અનુદાનિત કે અન્ય ગ્રંથાલયનો સમાવેશ આ સંશોધનમાં કરેલ નથી. |
| ૩. | પ્રસ્તુત સંશોધનના અભ્યાસ દરમ્યાન જે ગ્રંથાલયો પ્રવર્તમાન હતા તેનોજ સમાવેશ કરવામાં આવેલ છે. |
| ૪. | આ સંશોધન માત્ર સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારના સરકારી (સાર્વજનિક) ગ્રંથાલયો દ્વારા પુરી પડાતી ગ્રંથાલય સેવાઓ પુરતુ મર્યાદિત રહેશે. |

**સંશોધન પધ્ધતિ :**

સંશોધનકાર્ય માટે સંશોધક દ્વારા પ્રશ્નાવલિનો ઉપયોગ કરવામાં આવેલ છે તેમજ ઘણાં ગ્રંથાલયોની સંશોધક દ્વારા રૂબરૂ મુલાકાત લઈ માહિતી પ્રાપ્ત કરવામાં આવેલ છે.

**ગ્રંથાલય સેવાઓ**

સેવા એટલે વ્યકિતગત ઉપયોગકર્તાની મુશ્કેલીઓ જાણીને તે મુશ્કેલીઓ હલ કરવા માટે ગ્રંથાલયમાં ઉપલબ્ધ વાંચન સામગ્રીઓ પૂરી પાડવી અથવા ઉપયોગકર્તાને ગ્રંથાલયમાં પોતાની જરૂરીયાતની માહિતી કયાંથી મેળવી શકશે તે બાબતે માર્ગદર્શન પુરૂ પાડવું.

હાલના સમયમાં ગ્રંથાલયો દ્વારા વિવિધ સેવાઓ અને સુવિધાઓ સમાજના વિવિધ સમુદાયને પુરી પાડવામાં આવે છે. આ સેવાઓ પૈકી મહત્વની કેટલીક સેવાઓ નીચે મુજબ છે.[1]

**૧.આપ લે સેવા (Issue – Return Services)**

કોઈપણ ગ્રંથાલયમાં આપ–લે સેવા વિભાગ એ ગ્રંથાલયનું હૃદય ગણવામાં આવે છે. આપ–લે સેવામાં વાંચક ને નિશ્ચિત કરેલા સમય માટે પુસ્તક લઈ જવાની પરવાનગી આપવામાં આવે છે. આપ–લે સેવા ગ્રંથાલયનું સભ્યપદ ધરાવતા વાંચકને જ મળે છે. સામાન્ય રીતે વાંચક ૧૪ દિવસ સુધી પુસ્તક પોતાની પાસે રાખી શકે છે અને ત્યારબાદ જો તે પુસ્તક વાંચકે પોતાની પાસે વધુ દિવસો માટે રાખવું હોય તો તે પુસ્તકને રીન્યુ કરાવવું પડે છે. વાંચકને પુસ્તક ઈસ્યુ કર્યા બાદ તિથિપત્રકમાં દર્શાવેલી છેલ્લી તારીખે પુસ્તક ગ્રંથાલયમાં પરત જમા કરાવવાનું હોય છે, જો વાંચક દ્વારા પુસ્તક પરત કરવામાં, તિથિપત્રકમાં દર્શાવેલી છેલ્લી તારીખથી વધુ વિલંબ કરવામાં આવે તો ગ્રંથાલયના નિયમ મુજબ વાંચકે જેટલા દિવસ પુસ્તક ગ્રંથાલયમાં મોડું પરત કર્યુ હોય તેટલા દિવસનું દિવસ દીઠ અતિદેય ચુકવવાનું રહે છે. સામાન્ય રીતે વાંચકો બધાજ પુસ્તકો વસાવી શકતા નથી ત્યારે ગ્રંથાલયના સભાસદ બની કોઈપણ નાગરિક આ સેવા દ્વારા પોતાને જોઈતા પુસ્તકો વાંચન માટે ઘેર લઈ જઈ શકે છે અને અભ્યાસ પૂર્ણ થયા બાદ ગ્રંથાલયમાં પરત કરી શકે છે. આપ–લે સેવાના કારણે લોકો વાંચન તરફ આકર્ષાય છે. વાંચકો પુસ્તક ઘેર લઈ જાય ત્યારે વાંચકના ઘરના અન્ય સભ્યો પણ વાંચન તરફ પ્રેરીત થાય છે, જેના થકી સમાજમાં જ્ઞાનનો પ્રસાર કરવામાં ગ્રંથાલયને મદદ મળે છે.

આ)પ–લે સેવા સૌરાષ્ટ્ર કચ્છના તમામ સરકારી (સાર્વજનિક) ગ્રંથાલયો દ્વારા પૂરી પાડવામાં આવે છે.

**૨. સંદર્ભ સેવા (Reference Services)**

જે ગ્રંથોનો ઉપયોગ અમુક સમયે જ, માત્ર માહિતી મેળવવા પુરતો જ થતો હોય તેવા ગ્રંથોને સંદર્ભગ્રંથો કહેવામાં આવે છે. લૂઈસ સોર્સ ના મત અનુસાર, 'કોઈ વિશેષ માહિતીના અવલોકન માટે ઉપયોગમાં લેવાતો ગ્રંથ તે સંદર્ભ ગ્રંથ છે.'[1] જે. કે. ગેટક્ષસ સંદર્ભગ્રંથોને બે પ્રકારમાં વિભાજિત કરે છે.[2] (૧) એવા સંદર્ભગ્રંથો જે આવશ્યક માહિતી સીધેસીધી જ આપે છે. જેમાં શબ્દકોશો, વિશ્વકોશો, હસ્તપુસ્તિકાઓ, ભૌગોલિક કોશ, જીવનીકોશ વગેરેનો સમાવેશ થાય છે. (૨) એવા સંદર્ભગ્રંથો કે જે માહિતીની સીધેસીધી જાણકારી આપતા નથી, પરંતુ આવશ્યક માહિતી કયાંથી ઉપલબ્ધ બનશે તે બતાવે છે. જેમાં વાડ્મયસૂચિઓ, અનુક્રમણિ વગેરેનો સમાવેશ થાય છે. વાંચકોને તેઓની જરૂરીયાત મુજબ સંદર્ભગ્રંથ ઉપલબ્ધ કરી આપવાની સેવાને સંદર્ભ સેવા કહેવામાં આવે છે. સંદર્ભ સેવામાં સમાવિષ્ટ થતા મહત્વના સંદર્ભગ્રંથો પૈકી કેટલાક સંદર્ભગ્રંથો નીચે પ્રમાણે છે.[3]

| | | |
|---|---|---|
| શબ્દકોશો (Dictionaries) | વિશ્વકોશો (Encyclopedia) | વાર્ષિકી અને પંચાંગ (Yearbook and A'lmanac) |
| ભૌગોલિક સ્ત્રોતો (Geographical Sources) | હસ્ત પુસ્તિકા અને પરિચય પુસ્તિકા (Hand book and Manual) | વાડ્મયસૂચિઓ (Bibliography) |

**તાલુકા ગ્રંથાલય–નખત્રાણા સિવાયના તમામ ૨૬ ગ્રંથાલયોમાં સંદર્ભ સેવા પૂરી પાડવામાં આવે છે.**

**૩. આંતર ગ્રંથાલય લોન સેવા (Inter Library Loan Services)**

દરેક વિષયના સાહિત્યમાં બહોળા પ્રમાણમાં ઝડપી વધારો થઈ રહયો છે. જેના કારણે કોઈપણ ગ્રંથાલયને તમામ સાહિત્ય વસાવવું મુશ્કેલ બને એ સ્વાભાવિક છે. આ મુશ્કેલીના નિવારણ માટે આંતર ગ્રંથાલય લોન સેવા જરૂરી માધ્યમ છે. આંતર ગ્રંથાલય લોન સેવામાં ગ્રંથાલયો વચ્ચે ગ્રંથો આપવા અને ગ્રંથો લેવાનો સમાવેશ થાય છે. આ સેવા દ્વારા પુસ્તકો, લેખો કે અન્ય જરૂરીયાત મુજબની માહિતી એક ગ્રંથાલય બીજા ગ્રંથાલયને પુરી પાડે છે અને માહિતી મેળવનાર ગ્રંથાલય પોતાના ગ્રંથાલયના વાંચકોને આ માહિતીનો ઉપયોગ કરવાની પરવાનગી આપે છે. આંતર ગ્રંથાલય લોન સેવાને વ્યાખ્યાના રૂપમાં જોઈએ તો "

કોઈ એક ગ્રંથાલય સામગ્રીને અન્ય ગ્રંથાલયને સ્વતંત્ર રીતે આપવાની પ્રક્રિયા ને આંતર ગ્રંથાલય લોન સેવા કહેવામાં આવે છે.''

આંતર ગ્રંથાલય લોન સેવા તાલુકા ગ્રંથાલય–લખતર, તાલુકા ગ્રંથાલય–જસદણ તથા તાલુકા ગ્રંથાલય–પાલિતાણા દ્વારા જ પૂરી પાડવામાં આવે છે. આ સિવાયના સૌરાષ્ટ્ર કચ્છના અન્ય સરકારી (સાર્વજનિક) ગ્રંથાલયો દ્વારા આ સેવા પૂરી પાડવામાં આવતી નથી.

### ૪. નિર્દેશ સેવા (Referral Services)

નિર્દેશ સેવા એ એવી સેવા કે જેમાં ઉપભોકતાને કોઈ વ્યકિત અથવા સંસ્થાના નામ અને સરનામાં સાથે પ્રદાન કરવામાં આવે છે, જયાં તેને આવશ્યક માહિતી મળી રહે છે. નિર્દેશ એટલે અન્ય ગ્રંથાલય કે અન્ય માહિતી સ્ત્રોત તરફ મોકલવું. રૂથ ફિનર ના મત મુજબ ''નિર્દેશ સેવા યોગ્ય વ્યકિત અથવા સંગઠનાત્મક સ્ત્રોત સાથે વિશિષ્ટ માહિતી માટે શોધકને જોડે છે.''આમ, નિર્દેશ સેવા કોઈ સંશોધકને દસ્તાવેજ કે શોધ અંગે જવાબ આપતી નથી, પરંતુ તે વિશિષ્ટ માહિતીના યોગ્ય સ્ત્રોત માટે મધ્યસ્થી બની દિશા નિર્દેશક તરીકે કાર્ય કરે છે. નિર્દેશ સેવા માત્ર સંભવિત માહિતીના સ્ત્રોત તરફ નિર્દેશ જ નથી આપતી પરંતુ જે તે સ્ત્રોત સાથે શોધકનો સંપર્ક કરાવવા માટે પણ પ્રયત્ન કરે છે.[૪]

નિર્દેશ સેવા જિલ્લા ગ્રંથાલય–જુનાગઢ, જિલ્લા ગ્રંથાલય–સુરેન્દ્રનગર તથા તાલુકા ગ્રંથાલય–લખતર, તાલુકા ગ્રંથાલય–જસદણ અને તાલુકા ગ્રંથાલય–પાલિતાણા દ્વારા જ પૂરી પાડવામાં આવે છે. આ સિવાયના સૌરાષ્ટ્ર કચ્છના અન્ય સરકારી (સાર્વજનિક) ગ્રંથાલયો દ્વારા આ સેવા પૂરી પાડવામાં આવતી નથી.

### ૫. અદ્યતન અવબોધન સેવા (CAS)

અદ્યતન અવબોધન સેવા એટલે નવીનતમ પ્રાપ્ત અને ઉપલબ્ધ પ્રલેખોની સમીક્ષાઓની વ્યવસ્થાપન પધ્ધતિ, જે કોઈ વ્યકિત વિશેષ અથવા સમૂહની આવશ્યકતાઓને અનુકૂળ સામગ્રી અને વસ્તુઓની પસંદગી કરવી તથા તેનાથી તે વ્યકિતઓ અથવા સમૂહને સૂચિત કરવું કે જેઓની તેમાં આવશ્યકતા અને રૂચિ હોય છે.

આ સેવા મુખ્યત્વે એક મુદ્રિત પ્રલેખીય સ્વરૂપમાં હોય છે. જેમાં અધતન અને નવસર્જિત માહિતી સાથે તેના ઉપભોકતાઓને મેળવવાનો પ્રયાસ કરવામાં આવે છે. આ સેવાનો ઉદ્દેશ કોઈ વિશિષ્ટ સેવા આપવાનો નથી પરંતુ ઉપભોકતાઓને તેઓના રસના સંશોધનના વિષયોના નવીન વિકાસોની માહિતી પૂરી પાડવાનો છે. અદ્યતન અવબોધન સેવા ઉપભોકતાઓના અધ્યયનને સુવિધાજનક બનાવવાનો પ્રયાસ કરે છે. આ સેવા ઉપભોકતાઓને ઓછા સમયમાં પોતાના વિષયને અધતન રાખવામાં મદદરૂપ બને છે.[૫]

અદ્યતન અવબોધન સેવા જિલ્લા ગ્રંથાલય–જુનાગઢ, જિલ્લા ગ્રંથાલય–સુરેન્દ્રનગર, જિલ્લા ગ્રંથાલય– ભાવનગર, જિલ્લા ગ્રંથાલય – રાજકોટ, જિલ્લા ગ્રંથાલય–જામનગર, જિલ્લા ગ્રંથાલય–પોરબંદર, તાલુકા ગ્રંથાલય–કોડીનાર, તાલુકા ગ્રંથાલય–ઉના, તાલુકા ગ્રંથાલય–જુનાગઢ, તાલુકા ગ્રંથાલય–લખતર, તાલુકા ગ્રંથાલય–જસદણ, તથા તાલુકા ગ્રંથાલય–પાલિતાણા દ્વારા પૂરી પાડવામાં આવે છે. આ સિવાયના સૌરાષ્ટ્ર કચ્છના અન્ય સરકારી (સાર્વજનિક) ગ્રંથાલયો દ્વારા આ સેવા પૂરી પાડવામાં આવતી નથી.

### ૬. પસંદગી યુકત માહિતી પ્રસાર સેવા (SDI)

ઉપભોકતાનો સમય બચાવવા માટે આ સેવાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ સેવાને ટુંકમાં એસ.ડી.આઈ. સેવા તરીકે પણ ઓળખવામાં આવે છે. આ પ્રકારની સેવામાં માહિતી ફકત પસંદિત સામાયિકોના પસંદ કરેલા લેખો પર જ વ્યકિતગત રીતે આપવામાં આવે છે. તેથી આ સેવા યુઝર ઓરિએન્ટેડ છે. આ સેવામાં ઉપભોકતાની ચોકકસ જરૂરિયાતની ખાતરી કરી ગ્રંથાલય તે માહિતી શોધીને ઉપભોકતાને પુરી પાડે છે, આ ઉપરાંત પણ સમય સમય પર ઉપભોકતાને જરૂરી માહિતીની સુસંગત માહિતી આ સેવા દ્વારા પુરી પાડવામાં આવે છે.[૬]

પસંદગી યુકત માહિતી પ્રસાર સેવા જિલ્લા ગ્રંથાલય–જુનાગઢ, તાલુકા ગ્રંથાલય–ઉના, તાલુકા ગ્રંથાલય–લખતર, તાલુકા ગ્રંથાલય–જસદણ, તથા તાલુકા ગ્રંથાલય–પાલિતાણા દ્વારા પૂરી પાડવામાં આવે છે. આ સિવાયના સૌરાષ્ટ્ર કચ્છના અન્ય સરકારી (સાર્વજનિક) ગ્રંથાલયો દ્વારા આ સેવા પૂરી પાડવામાં આવતી નથી.

### ૭. ઓનલાઈન ડેટાબેઝ સેવા (Online Database Services)

સામાન્ય અર્થ મુજબ ઓનલાઈન એટલે કમ્પ્યુટર સાથેના પ્રત્યાયનમાં ઉપયોગકર્તા, ગ્રંથાલય સાથે પ્રત્યક્ષ રીતે જોડાયેલા હોય છે. ઓનલાઈન માહિતી સેવામાં ઉપયોગકર્તા માહિતી શોધ કે પુનઃ પ્રાપ્તીમાં પોતાના રસના માહિતી સ્ત્રોત પ્રાપ્ત કરવા માટે કમ્પ્યુટર તેમજ નેટવર્કનાં માધ્યમ દ્વારા દુર અંતરે સંગ્રહિત માહિતી સામગ્રીના પ્રત્યક્ષ સંપર્કમાં આવી શકે છે.

ઓનલાઈન માહિતી સેવાનો મહત્વનો લાભ એ છે કે ભૌગોલિક રીતે દુર હોવા છતાંય સમય અને સ્થળના બંધનો વિના સરળતાથી પોતાને ઉપયોગી માહિતી સ્ત્રોતની પ્રાપ્તિ ઉપભોકતા કરી શકે છે. ગ્રંથાલય પણ ટેકનોલોજી સાથે કદમ મિલાવી આધુનિક સમયમાં સુસજજ થઈ પરંપરાગત માહિતી સેવાઓની સાથે ઓનલાઈન એટલે કે કમ્પ્યુટર આધારીત માહિતી સેવાઓ આપવાનો અભિગમ દાખવી રહયા છે.

ઓનલાઈન માહિતી સેવાના સંદર્ભમાં પ્રાથમિક શરત એ છે કે ગ્રંથાલય કોમ્પ્યુટરાઈઝડ અને નેટવર્કના સ્થળે જોડાયેલ હોવા જરૂરી છે. આધુનિક સમયના સંદર્ભે પ્રત્યેક ગ્રંથાલય ઉપયોગકર્તાઓને ઓનલાઈન સેવા આપવી આવશ્યક બની છે.

ઓનલાઈન ડેટાબેઝ સેવા ફકત જિલ્લા ગ્રંથાલય–સુરેન્દ્રનગર તથા જિલ્લા ગ્રંથાલય– ભૂજ દ્વારા જ પૂરી પાડવામાં આવે છે. આ સિવાયના સૌરાષ્ટ્ર અને કચ્છના અન્ય સરકારી (સાર્વજનિક) ગ્રંથાલયો દ્વારા આ સેવા પૂરી પાડવામાં આવતી નથી.

### ૮. ઈન્ટરનેટસેવા– મેઈલ સેવા (Internet Services – Mail Services)

૨૧મી સદીમાં ઈન્ટરનેટ મારફત દુનિયાના કોઈપણ ખૂણાની માહિતી ઝડપી પ્રાપ્ત કરી શકાય છે. ઈન્ટરનેટ એટલે ઘેરબેઠા વિશ્વદર્શન એવુ કહી શકાય. ઈન્ટરનેટના માધ્યમથી વિશ્વના કોઈપણ ખૂણાનું સંદર્ભ સાહિત્ય એક કલીક કરવાથી થોડીક જ સેકેન્ડ માં મેળવી શકાય છે. ગ્રંથાલય પોતાના ઉપભોકતાઓને ગ્રંથાલયમાં ઈન્ટરનેટની સુવિધા ઉપલબ્ધ કરાવી ગ્રંથાલયમાં ઉપલબ્ધ ન હોય તેવી માહિતી પૂરી પાડવામાં મદદરૂપ થઈ શકે છે. ગ્રંથાલય પોતાના ગ્રંથાલયમાં રહેલી સાહિત્ય સામગ્રી, નવા આવનારા સાહિત્ય અંગે કે અન્ય માહિતી જે વાંચકોને ઉપયોગી હોય તે ઈમેઈલથી વ્યકિતગત રીતે પણ પૂરી પાડી શકે છે. આ સેવાના કારણે ઉપભોકતા પોતાને જોઈતી માહિતી વિના વિલંબે મેળવી શકે છે. આધુનિક યુગમાં આ સેવા દરેક ગ્રંથાલયો દ્વારા પૂરી પાડવામાં આવે તે ખૂબ જ જરૂરી છે.

ઈન્ટરનેટસેવા– મેઈલ સેવા જિલ્લા ગ્રંથાલય–જુનાગઢ તથા જિલ્લા ગ્રંથાલય– ભૂજ દ્વારા જ પૂરી પાડવામાં આવે છે. આ સિવાયના સૌરાષ્ટ્ર અને કચ્છના અન્ય સરકારી (સાર્વજનિક) ગ્રંથાલયો દ્વારા આ સેવા પૂરી પાડવામાં આવતી નથી.

### ૯. ભાષાંતર સેવા (Translation Services)

અંગ્રેજી માં વપરાતો Translation મૂળ શબ્દ લેટિન છે. તજજ્ઞોની રચનાને એક ભાષામાંથી બીજી ભાષામાં ફેરવવાનું કાર્ય એટલે અનુવાદ.[૭]

માહિતીના સર્વગ્રાહી પ્રસારણનો સૌથી મોટો અવરોધ ભાષા છે. જ્ઞાનના સાર્વત્રિક વિકાસમાં ભાષાનો અવરોધ બાધક સિધ્ધ થાય છે. અને આ અવરોધ માત્ર અનુવાદ પધ્ધતિઓના માધ્યમથી જ દુર કરી શકાય છે. મોટાભાગે જોવામાં આવેલ છે કે ઉપયોગકર્તા સમક્ષ જ્ઞાન, માહિતીની શોધ કરતી વખતે ઘણા એવા સંદર્ભ આવે છે કે જેના મુળ પ્રલેખોનો તે અભ્યાસ કરવા માગે છે. પરંતુ ઘણી વખત આ સંદર્ભ એવી ભાષામાં હોય છે કે તેને તે વાંચવા અસમર્થ હોય છે. પરંતુ આ લેખમાં શું લખેલ છે તે પણ જાણવું તેના માટે આવશ્યક હોય છે. આવી સ્થિતિમાં તેની સમક્ષ બે સંભાવનાઓ રહે છે. ૧. આ લેખોને છોડી દે અથવા ૨. આ લેખોને પોતાને સમજાય તેવી ઈચ્છિત ભાષામાં અનુવાદ મળી જાય.

ભાષાંતર સેવા સૌરાષ્ટ્ર અને કચ્છના કોઈપણ સરકારી (સાર્વજનિક) ગ્રંથાલયો દ્વારા પૂરી પાડવામાં આવતી નથી.

### ૧૦. સારકરણ સેવા (Abstracting Services)

પ્રલેખોનો સાર અથવા સારાંશ તૈયાર કરવાના કાર્યને સારકરણ કહેવામાં આવે છે. સારકરણ કોઈ કૃતિ, સામાયિકોનાં લેખોમાં વર્ણવવામાં આવેલી વિગતોનો સારાંશ છે, જે મોટા ભાગે લેખક સિવાયની કોઈ વ્યકિત મારફત તૈયાર થાય છે. જેમાં પ્રલેખો/લેખો કયાં પ્રસિધ્ધ થયા છે તેની માહિતીનો પણ સમાવેશ કરવામાં આવે છે.[૮]

સારકરણ સેવા સૌરાષ્ટ્ર અને કચ્છના કોઈપણ સરકારી (સાર્વજનિક) ગ્રંથાલયો દ્વારા પૂરી પાડવામાં આવતી નથી.

### ૧૧. ઓડીયો–વિઝયુઅલ સેવા (Audio Visual Services)

ઓડીયો વિઝયુઅલ સેવાનો ઉપયોગ લોકો ઘણા વર્ષોથી કરી રહયા છે. આ પ્રકારના સાધનો દ્વારા દશ્ય, શ્રાવ્ય અને દશ્ય–શ્રાવ્ય માહિતી ગ્રંથાલય દ્વારા ઉપભોકતા સમૂહને પૂરી પાડવામાં આવે છે. ઘણાં ગ્રંથાલયોમાં પુસ્તકો જ નહી પણ વિડિયો કેસેટ તથા ઓડિયો કેસેટ અને તેનો સંગ્રહ જોવા મળે છે. ઉપયોગકર્તાઓને પોતાને જરૂરી હોય તે વિષય સંલગ્ન વિડીયો કે ઓડિયો કેસેટ લઈ જઈને સ્વશિક્ષણ પ્રાપ્ત કરવામાં આ સેવા મદદરૂપ નિવડે છે. જો ગ્રંથાલયમાં પુસ્તક ઉપલબ્ધ ન હોય તો ઉપયોગકર્તા તેની ઓડિયો – વિડિયો કેસેટને જોઈને પણ માહિતી મેળવી શકે છે. ઓડીયો વિઝયુઅલ સેવા જિલ્લા ગ્રંથાલય–સુરેન્દ્રનગર, જિલ્લા ગ્રંથાલય–ભાવનગર, જિલ્લા ગ્રંથાલય–ભૂજ, તાલુકા ગ્રંથાલય–કોડીનાર, તાલુકા ગ્રંથાલય–ઉના, તથા તાલુકા ગ્રંથાલય–જસદણ દ્વારા જ પૂરી પાડવામાં આવે છે. આ સિવાયના સૌરાષ્ટ્ર અને કચ્છના અન્ય સરકારી (સાર્વજનિક) ગ્રંથાલયો દ્વારા આ સેવા પૂરી પાડવામાં આવતી નથી.

### ૧૨. પ્રતિલિપિકરણ સેવા (Reprography Services)

પ્રતિલિપિકરણ એ એક એવી કલા છે જે કોઈપણ રીત દ્વારા પ્રલેખની પ્રતિલિપી તૈયાર કરવાના કાર્ય સાથે સંકળાયેલ છે. અમુક સમય સુધી પ્રતિલિપિનો અર્થ નકલ કે ફોટોગ્રાફી સુધી મર્યાદિત હતો. પરંતુ હવે ધીરે ધીરે પ્રતિલિપિના અર્થમાં પરિવર્તન થઈ રહયુ છે. હવે આ પ્રક્રિયામાં પ્રલેખના પુનઃઉત્પાદનમાં પ્રકાશ, ગરમી કે રેડીયેશનનો ઉપયોગ કરવામાં આવે છે.

સામાન્ય રીતે પ્રતિલિપિનો મુળ ઉદેશ્ય જરૂરીયાત પડે ત્યારે અથવા માંગ કરવામાં આવે ત્યારે ઉપયોગકર્તાઓને જરૂરી લેખો, ચિત્રો, સારણી, ચાર્ટ વગેરે મુળ પ્રલેખોની નકલ તૈયાર કરી તત્કાળ પ્રદાન કરવી તેમજ મુળ પ્રલેખને ગ્રંથાલયમાં અથવા પ્રલેખન કેન્દ્ર માં યથાવત રીતે ભાવિ ઉપયોગ માટે સુરક્ષિત મુકી રાખવાનો છે. જેથી ભાવિ પેઢીના ઉપયોગકર્તાઓને આ પ્રકારના પ્રલેખોનો લાભ મળી શકે.

પ્રતિલિપિકરણ સેવા જિલ્લા ગ્રંથાલય–જુનાગઢ, જિલ્લા ગ્રંથાલય–સુરેન્દ્રનગર, જિલ્લા ગ્રંથાલય–પોરબંદર, તાલુકા ગ્રંથાલય–કોડીનાર, તાલુકા ગ્રંથાલય–ઉના

તથા તાલુકા ગ્રંથાલય–લખતર દ્વારા જ પૂરી પાડવામાં આવે છે. આ સિવાયના સૌરાષ્ટ્ર અને કચ્છના અન્ય સરકારી (સાર્વજનિક) ગ્રંથાલયો દ્વારા આ સેવા પૂરી પાડવામાં આવતી નથી.

**૧૩. ફરતા પુસ્તકાલયની સેવા (Mobile Library Services)**

ફરતા પુસ્તકાલયની સેવામાં પરિવહનનો ઉપયોગ ગ્રંથાલય તરીકે કરવામાં આવે છે. દૂર દૂરના લોકો જે ગ્રંથાલય સુધી પહોંચી નથી શકતા તેવા લોકોને સરકાર દ્વારા ઘર આંગણે ગ્રંથાલય સેવા ઉપલબ્ધ કરાવવામાં આવે છે. આ સેવાનો મહત્ત્વમ ફાયદો એ છે કે છેવાડાના વિસ્તારના લોકો સુધી ગ્રંથાલય સેવા પહોંચાડી શકાય છે.

ફરતા પુસ્તકાલયની સેવા જિલ્લા ગ્રંથાલય–સુરેન્દ્રનગર, જિલ્લા ગ્રંથાલય–ભાવનગર તથા જિલ્લા ગ્રંથાલય–ભૂજ દ્વારા જ પૂરી પાડવામાં આવે છે. આ સિવાયના સૌરાષ્ટ્ર અને કચ્છના અન્ય સરકારી (સાર્વજનિક) ગ્રંથાલયો દ્વારા આ સેવા પૂરી પાડવામાં આવતી નથી.

**૧૪. બાળકો માટેની સેવા (Services for Children)**

બાળકોને નાનપણથી જ વાંચનની ટેવ વિકસે, બાળકોની તર્કશકિત વધે તેમજ જ્ઞાન સાથે ગમ્મત મળી રહે તેવા પુસ્તકો, સામાયિકો તેમજ સી.ડી.ઓ. ગ્રંથાલયમાં વસાવવામાં આવે છે તેમજ બાળકોની વય તેમજ ઉંચાઈને ધ્યાનમાં રાખીને આરામથી બેસીને વાંચી શકે તેવા ખુરશી–ટેબલ તેમજ સરળતાથી પુસ્તકો લઈ શકે તેવા ઘોડાની વ્યવસ્થા કરવામાં આવે છે.

બાળકો માટેની સેવા તાલુકા ગ્રંથાલય–નલિયા સિવાયના સૌરાષ્ટ્ર અને કચ્છના તમામ સરકારી (સાર્વજનિક) ગ્રંથાલયો દ્વારા પૂરી પાડવામાં આવે છે.

**૧૫. માહિતી શોધ સેવા (Information Search Services)**

માહિતી શોધ સેવાનું એક મહત્વનું પાસું એ છે કે તે શોધના હેતુ નકકી કરે છે. ઉપભોકતા અને માહિતી નિષ્ણાંત વચ્ચે વાતચીતથી એ સ્પષ્ટ કરી શકાય છે કે ઉપભોકતાને કેવા પ્રકારની માહિતીની જરૂર છે. ઘણીવાર ઉપભોકતાને કોઈ ચોકકસ પ્રકારની માહિતીની જરૂરિયાત હોય છે. ચોકકસ માહિતી એટલે કે ટેકનિકલ કામ માટેની માહિતી કેટલાંક સંદર્ભો માટે આવશ્યક હોય છે, વહીવટી કામગીરી માટેની માહિતી, નિતિના ઘડવૈયાને જરૂરી માહિતી આ માહિતી વિસ્તાર પૂર્વકની માહિતી હોય છે. ઘણીવાર એવુ બને કે કોઈ વિષય કે મુદ્દા પર જે કાંઈ છપાયું હોય તે બધુ જાણવાની કોઈ ઉપભોકતાની માંગ હોય, જેનું કારણ એ હોય કે તે ઉપભોકતા કોઈ નવો સંશોધન પ્રોજેકટ શરૂ કરે તે પહેલા તે વિષયની શું સ્થિતિ છે તે બાબતે જાણવા માંગતો હોય, આમ, સૌ પ્રથમ માહિતી શોધનો પ્રકાર નકકી થઈ જાય ત્યારબાદ માહિતીના સ્ત્રોત શોધવા માટે યોગ્ય વ્યુહરચના નકકી કરવામાં આવે છે. માહિતી શોધની આ પધ્ધતિમાં સૌથી વધુ કુશળતા માત્ર અનુભવથી જ આવે છે. આ પ્રકારની શોધ માટે જે ક્ષેત્રમાં શોધ કરવાની હોય તે ક્ષેત્રની પૂરતી જાણકારી હોવી જરૂરી છે, પૂરતી જાણકારી હોય તો જ વધુ સારૂ પરિણામ મેળવી શકાય છે. આ પ્રકારની સેવા માટે ઓન લાઈન ડેટા બેઝ તેમજ સીડીરોમ વધુ પ્રમાણમાં ઉપયોગમાં લેવામાં આવે છે.[૯]

માહિતીશોધ સેવા સૌરાષ્ટ્ર અને કચ્છના કોઈપણ સરકારી (સાર્વજનિક) ગ્રંથાલયો દ્વારા પૂરી પાડવામાં આવતી નથી.

**૧૬. ઓપેક (Online Public Access Catalogue-OPAC)**

ઓપેક એટલે "ઓનલાઈન મેળવી શકાય તેવી જાહેર ઉપયોગકર્તા માટેની સૂચિ", ઓપેક એ સ્વચાલિત સૂચિ પધ્ધતિ છે. સૂચિ મશીન વાંચી શકે તેવાં સ્વરૂપમાં સંગ્રહાયેલી હોય છે અને તે ઓનલાઈન મેળવી શકાય છે. તેમાં સામાન્ય રીતે લેવડ દેવડની માહિતી, ઓનલાઈન આરક્ષણ અને ગ્રંથાલય સમાચાર જેવી વિવિધ વધારાની સૂચનાઓ પૂરી પડાય છે. ઓપેકને ગ્રંથાલયનો શોપ વિન્ડો (ખરીદવા/મેળવવા માટેની બારી) તરીકે દર્શાવાય છે. ઓપેકમાં અપાયેલા મેનુ ડેટાબેઝમાં મુખ્યત્વે કર્તા (લેખક), શીર્ષક, વર્ગાંક અને વિષયની શોધ પૂરી પડાય છે.[૧૦]

ઓપેક સેવા જિલ્લા ગ્રંથાલય–જુનાગઢ, જિલ્લા ગ્રંથાલય–રાજકોટ, જિલ્લા ગ્રંથાલય–ભૂજ, જિલ્લા ગ્રંથાલય–અમરેલી, જિલ્લા ગ્રંથાલય–જામનગર, જિલ્લા ગ્રંથાલય–પોરબંદર, તાલુકા ગ્રંથાલય–જુનાગઢ, તાલુકા ગ્રંથાલય–ધ્રાંગધ્રા, તાલુકા ગ્રંથાલય–લખતર, તાલુકા ગ્રંથાલય–જસદણ, તાલુકા ગ્રંથાલય–ભચાઉ, તાલુકા ગ્રંથાલય–મોરબી તથા તાલુકા ગ્રંથાલય–જામખંભાળીયા દ્વારા પૂરી પાડવામાં આવે છે.

**૧૭. નિર્દેશિકરણ સેવા (Indexing Services)**

નિર્દેશિકરણ સેવાઓ મુખ્યત્વે કોઈ પ્રલેખના બધાજ માહિતી વિષયક પ્રવેશ પ્રાપ્તિ બિંદુઓને આવરી લેવા માટે અને તેમને વધુ સચોટ અને કેન્દ્રિત કરવા માટે ઉપયોગી હોય છે. નિર્દેશિકરણ સેવામાં કોઈ પ્રલેખના વિષય વસ્તુનું વિશ્લેષણ કરી તેના વિષય મથાળા કે નિર્દેશી પદમાં રૂપાંતર કરી એની ખાસ ફાઈલ બનાવવામાં આવે છે. આ ફાઈલ વડે ફરીથી તે જ પ્રલેખને પ્રાપ્ત કરી શકાય છે.

નિર્દેશિકરણ સેવા સૌરાષ્ટ્ર અને કચ્છના કોઈપણ સરકારી (સાર્વજનિક) ગ્રંથાલયો દ્વારા પૂરી પાડવામાં આવતી નથી.

**૧૮. પ્રલેખ પૂર્તિ સેવા (Document Delivery Services)**

ગ્રંથાલય સેવામાં પ્રલેખ પૂર્તિ એક મહત્વનું ઘટક છે. આ સેવાનો અર્થ છે કે ઉપયોગકર્તા દ્વારા માંગવામાં આવે ત્યારે તેમને જરૂરિયાતના પ્રલેખો પૂરા પાડવા. કોઈપણ ગ્રંથાલયની પ્રાથમિક જવાબદારીઓ તેના ઉપભોકતાને મુખ્ય કે લેખિત પ્રલેખ દસ્તાવેજ પૂરા પાડવાની હોય છે. જો ગ્રંથાલયમાં મુળ પ્રલેખ ઉપલબ્ધ ન હોય તો ગ્રંથાલયના કર્મચારીઓ અન્ય કોઈ ગ્રંથાલયો કે જેની સાથે તેમનું જોડાણ હોય તેવા ગ્રંથાલયોમાંથી પ્રલેખ ઉધાર લાવી ઉપભોકતાને આપે છે અથવા તો તેની નકલ કરાવી આપે છે. પ્રલેખ પૂર્તિ એટલે "કોઈ ગ્રંથાલય કે માહિતી કેન્દ્ર દ્વારા તેના પોતાના સંશાધનો અથવા તો કોઈ બીજા સ્ત્રોતો મારફતે કરવામાં આવતી પ્રલેખની જોગવાઈ". આ પ્રલેખ મૂળ પ્રલેખ કે તેની નકલ પણ હોઈ શકે.

તાજેતરના માહિતી વિસ્ફોટના યુગમાં માહિતીની તથા પ્રલેખોની કિંમત વધી છે, આર્થિક કારણોસર ગ્રંથાલયોના બજેટમાં ઘટાડો થતો હોય છે ત્યારે મોટાભાગના ગ્રંથાલયોને સ્વાયત ગ્રંથાલય બની ટકી રહેવું અઘરૂ બન્યું છે. આ ઉપરાંત, મોટાભાગના ગ્રંથાલયોને તેમના વિષયોને સ્પર્શતા વિષયોમાં પણ જે કંઈ નવા પ્રલેખો આવતા હોય તેની જરૂર પડતી હોય છે. તેથી એક બીજા ગ્રંથાલયોનું જોડાણ આવશ્યક બન્યું છે. આ બધા ગ્રંથાલયો એકઠા થઈને જે કેટલોગ બનાવે તેને યુનિયન કેટલોગ્સ કહેવામાં આવે છે. આ સેવા માહિતી પ્રસારમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.[૧૧]

પ્રલેખ પૂર્તિ સેવા સૌરાષ્ટ્ર અને કચ્છના કોઈપણ સરકારી (સાર્વજનિક) ગ્રંથાલયો દ્વારા પૂરી પાડવામાં આવતી નથી.

**૧૯. વર્તમાનપત્ર કલીપીંગ સેવા (Newspaper Clipping Services)**

આ સેવા પણ એક પ્રકારની અદ્યતન અવબોધન સેવા છે. વર્તમાન પત્રમાં કોઈપણ દેશ કે ભૂ–ક્ષેત્ર સંબંધિત અદ્યતન સામાજિક–રાજનૈતિક અને તકનિકી તેમજ આર્થિક ઘટનાઓ વિશે સમાચાર પ્રકાશિત થાય છે. વર્તમાન પત્ર ગૃહિણીથી માંડીન કંપનીના ઉચ્ચ હોદેદારો અને રાજકિય લોકોને ઉપયોગી માહિતી પૂરી પાડે છે. વર્તમાનપત્રોની કલીપીંગ સેવા ઉપભોકતા સમૂહની રૂચિ અનુરૂપ કોઈ વિષયની માહિતી કલીપીંગ કરી મોટા કાગળ કે શીટ ઉપર ચોંટાડવામાં આવે છે. આ કલીપીંગ ઉપભોકતાઓની તરત નજર પડે તેવી જગ્યાએ લગાવવામાં આવે છે. કલીપીંગનો ભવિષ્યમાં ઉપયોગ કરવા માટે ફાઈલ પણ બનાવવામાં આવે છે. ખાસ કરીને વર્તમાનપત્ર કલીપીંગ સેવા સરકારી વિભાગના ગ્રંથાલયો, બેંકો, ઔધોગિક સંસ્થાઓ, આર્થિક સંસ્થાઓ, વિકાસ એજન્સીઓ વિગેરેને વધુ ઉપયોગી બને છે. આ સેવામાં ઉપભોકતાઓને તાજેતરમાં બનેલ ઘટનાઓથી માહિતગાર કરવામાં આવે છે.

વર્તમાનપત્ર કલીપીંગ સેવા સૌરાષ્ટ્ર અને કચ્છના કોઈપણ સરકારી (સાર્વજનિક) ગ્રંથાલયો દ્વારા પૂરી પાડવામાં આવતી નથી.

**૨૦. પુસ્તક આરક્ષણ સેવા (Book Reservation Services)**

કોઈ ઉપભોકતા ગ્રંથાલયનાં કોઈ નકકી કરેલ પુસ્તક માટે ગ્રંથાલયની મુલાકાત લે અને તે સમયે તે પુસ્તક ગ્રંથાલય દ્વારા અન્ય ઉપભોકતાને ઈસ્યુ કરવામાં આવેલ હોય ત્યારે જરૂરિયાત ધરાવતા ઉપભોકતાને મદદ કરવા માટે પુસ્તક આરક્ષણ સેવા મદદરૂપ થાય છે. આ સેવા અંતર્ગત ઈસ્યુ થયેલ પુસ્તક પરત આવતા કોઈ અન્ય ઉપભોકતાને ઈસ્યું કરતાં પહેલા વધુ જરૂરિયાત ધરાવતા ઉપભોકતાને ઈસ્યુ કરવા માટે નોંધ કરવામાં આવે છે. ઉપભોકતા દ્વારા પોતાને જે પુસ્તકની જરૂરિયાત હોય તે પુસ્તક બાબતે ગ્રંથાલયમાં તે પુસ્તક પોતાના માટે આરક્ષિત કરવા વિનંતી કરવામાં આવે છે, આ માટે ઉપભોકતા રૂબરૂ અથવા તો ઈમેઈલ સુવિધા ગ્રંથાલયમાં ઉપલબ્ધ હોય તો ઈમેઈલથી પણ પુસ્તક આરક્ષિત કરવા વિનંતી કરી શકે છે. ગ્રંથાલયના કર્મચારીઓ દ્વારા પુસ્તક આરક્ષિત માટે આવેલી વિનંતીને ધ્યાને રાખી પુસ્તક ફરીથી ઈસ્યુ કરતા પહેલા પુસ્તક આરક્ષિત માટે આવેલી વિનંતી ને પ્રાથમિકતા આપવામાં આવતી હોય છે. આ સેવાને કારણે ઉપભોકતા જોઈતું પુસ્તક ફરી અન્ય ઉપભોકતાને ઈસ્યુ થાય તે પહેલા પોતે મેળવી શકે છે.

પુસ્તક આરક્ષણ સેવા સૌરાષ્ટ્ર અને કચ્છના કોઈપણ સરકારી (સાર્વજનિક) ગ્રંથાલયો દ્વારા પૂરી પાડવામાં આવતી નથી.

**૨૧. ગ્રંથ પ્રદર્શન સેવા (Books Exhibition Services)**

ગ્રંથપ્રદર્શન સેવા સામાન્ય રીતે નવા આવેલા ગ્રંથોને પરિભ્રણમાં મુકવા, ઉપભોકતાઓને નવા ગ્રંથો તરફ આકર્ષિત કરવા તેમજ ઉપભોકતાઓને પુસ્તકોની પસંદગીમાં મદદ કરવા માટે છે. ગ્રંથ પ્રદર્શનમાં એક અથવા એક થી વધુ ગ્રંથોના જૂથનો સમાવેશ થાય છે. ગ્રંથ પ્રદર્શન ઉપભોકતાઓની નજરમાં તરત આવે તેવી જગ્યાએ હોવું જરૂરી છે. સંક્ષિપ્ત નોંધ સાથે પ્રદર્શનમાં રાખવામાં આવેલ ગ્રંથ ઝડપથી વિતરીત થાય છે. ગ્રંથાલયો "ગ્રંથાલય દિવસ" ના દિવસે અથવા અન્ય પ્રસંગે ગ્રંથોના પ્રદર્શનનું આયોજન કરે છે. ગ્રંથ વિતરણ પોઈન્ટના નેટવર્ક દ્વારા ખાસ કરીને ગ્રામિણ સમુદાયને પણ ગ્રંથાલય અને પુસ્તકો પ્રત્યે આકર્ષવા માટે ગ્રંથ પ્રદર્શન મદદરૂપ થાય છે. ગ્રંથોની કુશળ ગોઠવણ અને નવા શિર્ષકો અથવા ચિત્રોનું પ્રદર્શન, ફોટોગ્રાફસ, કટ આઉટ ચિત્રો અને મોડેલનો ઉપયોગ કરીને પ્રદર્શનને આકર્ષિત બનાવી શકાય છે.

આ સેવા સૌરાષ્ટ્ર કચ્છના તમામ સરકારી (સાર્વજનિક) ગ્રંથાલયો દ્વારા પૂરી પાડવામાં આવે છે.

**૨૨. ઉપભોકતા પ્રશિક્ષણ સેવા (Users Education Services)**

ઉપભોકતા પ્રશિક્ષણ એ એક એવી પ્રક્રિયા છે કે જેમાં માહિતીના સંભવિત ઉપભોકતાઓ, જેવા કે વિધાર્થી, શિક્ષક, ઈજનેર, વૈજ્ઞાનિક, સંશોધક વિગેરેને માહિતી બાબતે જાણકારી આપવામાં આવે છે. ઉપભોકતા પ્રશિક્ષણ એ એક અવિરત પ્રક્રિયા છે, જે વિધાલય અને સાર્વજનિક ગ્રંથાલયોથી શરૂ થાય છે. આ પ્રશિક્ષણને વિશિષ્ટ ગ્રંથાલયો સુધી વિસ્તારી શકાય. પ્રશિક્ષણમાં એક એવો

અભ્યાસક્રમ પણ હોવો જોઈએ જેના દ્વારા નવા ઉપભોકતાઓને ગ્રંથાલયના ઉપયોગ વિશે જાણકારી આપી શકાય. ઉપભોક્તા પ્રશિક્ષણના બે ઘટકો છે. ૧. પરિચય કેળવણી અને ૨. સૂચનાઓ.

ઉપભોકતા પ્રશિક્ષણના પ્રથમ ઘટક પરિચય કેળવણીનો મૂળ સંબંધ ગ્રંથાલયના ઉપયોગ અને ગ્રંથાલયમાં ઉપલબ્ધ સેવાઓના ઉપયોગની સામાન્ય રીતો અને તેની સાથે ગ્રંથાલય સંગઠનની સ્થાનિક રચના, પુસ્તક ગોઠવણી, ગ્રંથાલય સેવાઓથી ઉપભોકતાઓને માહિતગાર કરવાથી થાય છે. પરિચય કેળવણીની ક્રિયામાં ઉપભોકતા અને ગ્રંથાલય કર્મચારીઓની વચ્ચે અસરકારક સંદેશા વ્યવહાર માટે યોગ્ય વાતાવરણ તૈયાર કરવું અને ગ્રંથાલયનું મિત્રતાપૂર્ણ અને મદદ કરનારી સંસ્થાના રૂપમાં રજૂ કરવાનો પ્રયત્ન કરવો જોઈએ.

ઉપભોકતા પ્રશિક્ષણનો બીજો ઘટક સૂચના અંગે છે. આ ઘટક માહિતીની પુનઃ પ્રાપ્તિ સાથે સંબંધિત સમસ્યાઓ અને માહિતી સ્ત્રોતોનો મહત્ત્યમ ઉપયોગ અંગે છે. ગ્રંથાલયમાં સંગ્રહિત કરવામાં આવેલી માહિતીને સક્રિય રૂપે ઉપયોગ કેવી રીતે લઈ શકાય તે માટે ઉપભોકતાઓને શીખવવું જરૂરી છે કે ગ્રંથાલયમાં ઉપલબ્ધ સાહિત્ય સામગ્રીમાંથી માહિતી કેવી રીતે પ્રાપ્ત કરવી.[૧૨]

ઉપભોકતા શિક્ષણમાં અલગ–અલગ પધ્ધતિઓ જેવી કે વ્યાખ્યાન, સેમિનાર, પ્રદર્શન, ફિલ્મ, વિડિયો ટેપ, સ્લાઈડ, ચિત્રો, પુસ્તક, મુદ્રિત માર્ગદર્શિકા વિગેરેનો ઉપયોગ કરવામાં આવે છે.

આ સેવા સૌરાષ્ટ્ર કચ્છના તમામ સરકારી (સાર્વજનિક) ગ્રંથાલયો દ્વારા પૂરી પાડવામાં આવે છે.

### ૨૩. પ્રસ્તુત સંદર્ભ સેવા (Ready Reference Service)

ગ્રંથાલયમાં પ્રવેશતો વાચક સામાન્ય રીતે કોઈને કોઈ માહિતીની પ્રાપ્તિ માટે પ્રવેશતો હોય છે. વાંચકને જોઈતી માહિતી કયારેક એક શબ્દ કે એક વાકય પૂરતી જ મર્યાદિત હોય છે, તો કયારેક આવશ્યક માહિતીનું સમાધાન બે–પાંચ ફકરા કે પેઈજમાં પણ સમાયેલું હોય છે. ડૉ. રંગનાથનક્ષના મતે, 'પ્રસ્તુત સંદર્ભ સેવા તે એવી સેવા છે કે જેમાં વાંચકની પૃચ્છાનું સમાધાન ઓછામાં ઓછા સમયમાં અને શકય હોય તો પળમાત્રમાં કરાવે છે.' પ્રસ્તુત સંદર્ભ સ્ત્રોતોમાં સામાન્યતઃ વિશ્વકોશો, વાર્ષિકીઓ, ડીરેકટરીઝ, પંચાંગ, હસ્તપુસ્તિકા, મેન્યુઅલ, આંકડાકીય માહિતી આપતા સ્ત્રોતો વગેરેનો સમાવેશ થાય છે.[૧૩]

પ્રસ્તુત સંદર્ભ સેવા આ સેવા સૌરાષ્ટ્ર કચ્છના તમામ જિલ્લા ગ્રંથાલયો દ્વારા પૂરી પાડવામાં આવે છે.

### ઉપસંહાર

ગ્રંથાલય સેવાઓઓની સફળતામાં ગ્રંથાલય સ્ટાફની ભૂમિકા મહત્વની પૂરવાર થાય છે. ગ્રંથાલય તરફ ઉપભોકતાઓને આકર્ષિત કરવા માટે ગ્રંથાલય સ્ટાફ દ્વારા કેવા પ્રયત્નો કરવામાં આવે છે તેના પર ગ્રંથાલયની સફળતા આધાર રાખે છે. ગ્રંથાલયના કર્મચારીઓએ ઉપભોકતાઓની માંગને ધ્યાને રાખીને ઉપભોકતાને યોગ્ય સેવાઓ આપવા પ્રયાસ કરવો જોઈએ. જે વિસ્તારમાં ગ્રંથાલય કાર્યરત હોય તે વિસ્તારની સંસ્કૃતિ, લોકોની રહેણી–કહેણી ને ધ્યાનમાં રાખીને ગ્રંથાલયમાં પુસ્તકો વસાવવા જોઈએ. સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારના ગ્રંથાલયો દ્વારા આપવામાં આવતી સેવાઓમાં આપ–લે સેવાઓ અને સંદર્ભ સેવાઓ મુખ્ય છે. જયારે અન્ય સેવાઓ જૂજ ગ્રંથાલયો દ્વારા પૂરી પાડવામાં આવે છે. સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારના તમામ ગ્રંથાલયો દ્વારા તમામ આધુનિક સેવાઓ પૂરી પાડવા માટે યોગ્ય કદમ ઉઠાવવા જોઈએ.

### સંદર્ભ સૂચી

1. ભૈયા, છગન અને રાજપૂત, કામિની .(૨૦૧૩) સંદર્ભ ગ્રંથ વિશ્વ, પરિચય અને વિશ્લેષણ. અમદાવાદ: પાર્શ્વ પબ્લિકેશન. પૃ. ૧૨.
2. એજન. પૃ.૧૬.
3. પાઠક, પ્રજ્ઞા .(૨૦૧૬).ગુજરાત વિદ્યાપીઠ માર્ગદર્શિકા. અમદાવાદ: ગુજરાત વિદ્યાપીઠ. પૃ. ૧૯.
4. Ghule, R. P. (2013). Performance Evaluation and Social Cultural Contribution of Public Libraries in South Region, Ahmednagar District. Jhunjhunu, Rajasthan: Jagdishprasad Jhabarmal Tiberwala University.
5 Agrawal, J.M. (2018, March 10). libguj.blogspot.com. Retrieved from http://libguj.blogspot.com/2017/01/cas-current-awareness-service.html
6. Ghule, R. P. (2013). Performance Evaluation and Social Cultural Contribution of Public Libraries in South Region, Ahmednagar District. Jhunjhunu, Rajasthan: Jagdishprasad Jhabarmal Tiberwala University.
7. જોષી, વેણું. એસ.(૨૦૧૮). જી. ડી. મોદી કોલેજ ઓફ આર્ટસ, પાલનપુર અને શ્રી એન્ડ શ્રીમતી પી. કે. કોટાવાલા આર્ટસ કોલેજ, પાટણના ગ્રંથાલયોમાં અપાતી સેવાઓ અને સુવિધાઓનો તુલનાત્મક અભ્યાસ. પાટણ: હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સીટી. પૃ. ૪૧.
8. બરોડિયા, નવિન.(૧૯૮૭). માહિતી અને પ્રલેખન સેવા (૨૩ - ૨૪ ed.). અમદાવાદ: પાર્શ્વ પબ્લિકેશન. પૃ. ૨૩-૨૪.
9. બી.એ.ઓ.યુ.(૨૦૦૮). માહિતી સેવાઓ અને સંગઠનો : માહિતી સેવાઓ વિહંગાવલોકન. અમદાવાદ: બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટી. પૃ. ૨૪.
10. બી.એ.ઓ.યુ. (૨૦૦૮). ગ્રંથાલય અને માહિતી સંગ્રહ અને પુનઃ પ્રાપ્તિ સોફ્ટવેર : એપ્લીકેશન સોફ્ટવેર. અમદાવાદ: બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટી.પૃ. ૩૬.
11. બી.એ.ઓ.યુ. (૨૦૦૮). માહિતી સેવાઓ અને સંગઠનો : માહિતી સેવાઓના ઉપભોક્તાઓ. અમદાવાદ: બાબા સાહેબ ઓપન યુનિવર્સીટી.પૃ. ૫૪.
12. બી.એ.ઓ.યુ. (૨૦૦૮). ગ્રંથાલય અને સમાજ : ઉપભોક્તા શિક્ષણ. અમદાવાદ: બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટી. પૃ. ૪૨ – ૪૪ .
13. ભૈયા, છગન અને રાજપૂત, કામિની .(૨૦૧૩). સંદર્ભ ગ્રંથ વિશ્વ, પરિચય અને વિશ્લેષણ. અમદાવાદ: પાર્શ્વ પબ્લિકેશન. પૃ. ૩૮-૩૯ .